# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૩૦/૦૧/૨૦૨૪
વાર : મંગળવાર

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૪

ધોરણ : ૧૧ વિષય : કમ્પ્યુટર અધ્યયન

કુલ ગુણ : ૫૦
સમય : ૧ : ૧૫ કલાક

સૂચના : આપને અલગથી આપેલ O.M.R. માં જે - તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલ છે. તે પ્રશ્નનો જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ O વર્તુળને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

★ **નીચેના પ્રશ્ન નં. 1 થી 50 માં આપેલા વિકલ્પોમાંથી પસંદ કરી જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 50

(1) GUI નું પુરું નામ શું છે ?
(A) General User Interface (B) Graphical User Interface
(C) General User Integration (D) Graphical User Integration

(2) લિનક્સમાં કમાન્ડ લાઈન ઈન્ટરફ્સ (CLI) ને શું કહે છે ?
(A) એપ્લિકેશન (B) રૂટ (C) સ્ક્રીપ્ટ (D) શેલ

(3) નીચેનામાંથી કયો શેલ યુનિક્સનો શરૂઆતનો શેલ છે ?
(A) Csh (B) Korn (C) Bourne (D) Bash

(4) નીચેનામાંથી કયું ટેક્સ્ટ એડિટર છે ?
(A) Nano (B) Vi (C) Pico (D) આપેલ તમામ

(5) Vim એડિટર કઈ સાલમાં જાહેરમાં મુકવામાં આવ્યું ?
(A) 1990 (B) 1991 (C) 1980 (D) 1981

(6) લિનક્સમાં વર્તમાન શેલ સાથે જોડાયેલા તમામ પ્રોસેસ નિહાળવા કયો કમાન્ડ વપરાય છે ?
(A) PS (B) PS-ef (C) pid (D) uid

(7) લિનક્સમાં મેમરીમાંથી કોઈ પણ પ્રોસેસ દૂર કરવા કયો કમાન્ડ વપરાય છે ?
(A) Delete (B) Del (C) Kill (D) આપેલ તમામ

(8) નીચેનામાંથી કયું સમય આધારિત ઓથરીંગ ટુલ્સ નથી ?
(A) Synfig (B) Authorware (C) Pencil (D) Flash

(9) ઓબ્જેક્ટનું સ્થાન બદલવા માટે કયા રંગના ડકનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) લીલા રંગનું (B) પીળા રંગનું (C) કેસરી રંગનું (D) ભૂરા રંગનું

(10) સિન્ફિગમાં ઈમેજ શેના દ્વારા ફેરવી શકાય ?
(A) સ્કેલ ડક (B) રોટેશન ડોક (C) રોટેટ ટૂલ (D) રોટેશન ડક

(11) Amount ની કઈ કિંમત ઈમેજને સંપૂર્ણપણે દ્રશ્યમાન સૂચવે છે ?
(A) 1 (B) 0 (C) 2 (D) –1

(12) કાચા (રો) ડેટા ઉપર પ્રક્રિયા કરીને મેળવેલા પરિણામને શું કહે છે ?
(A) પ્રોગ્રામ (B) ઈન્ફર્મેશન (C) પ્રોસેસ (D) ડેટા

(13) ડેટા કયા સ્વરૂપે હોઈ શકે ?
(A) મૌખિક (B) લેખિત (C) કમ્પ્યુટરીકરણ કરેલ કે ન કરેલ
(D) આપેલ તમામ

(14) ટેબલમાં ડેટા એન્ટ્રી કરવા માટે કયા વ્યૂનો ઉપયોગ થાય છે ?
(A) ડેટા શીટ વ્યૂ (B) ડીઝાઈન વ્યૂ (C) પ્રિન્ટ પ્રિવ્યુ (D) આપેલ તમામ

(15) જે ટેબલમાં પ્રાઈમરી કી હોય તેને શું કહે છે ?
(A) મેઈન ટેબલ (B) માસ્ટર ટેબલ (C) પ્રાઈમરી ટેબલ (D) ચાઈલ્ડ ટેબલ

(16) લિનક્સમાં બે કમાન્ડને ભેગા કરવા કયું ચિન્હ વપરાય છે ?
(A) | (B) * (C) $ (D) #

Master Classes Chirag Prajapati 98241 49846

(17) લિનક્સમાં કમાન્ડ લાઈન ઈન્ટરફેસમાં સ્ક્રીન પરનું લખાણ કાઢી નાખવા કયો આદેશ વપરાય છે ?

(A) Clrscr (B) Clear Screen (C) Clear (D) Clear All

(18) લિનક્સમાં કોઈ પણ કમાન્ડ વિશે મદદ મેળવવા કયો આદેશ વાપરી શકાય ?

(A) help (B) whatis (C) man (D) આપેલ તમામ

(19) લિનક્સમાં નવી ડીરેક્ટરી બનાવવા કયો આદેશ વપરાય છે ?

(A) make (B) create (C) new (D) mkdir

(20) લિનક્સમાં નવી ફાઈલ બનાવવા કયો કમાન્ડ વપરાય છે ?

(A) create (B) new (C) cat (D) mkfile

(21) વિમ એડિટર કેટલા મોડમાં કામ કરે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(22) વિમ એડીટરમાં કમાન્ડ મોડમાંથી ઈન્સર્ટ મોડમાં જવા કયો કમાન્ડ આપવામાં આવે છે ?

(A) :w (B) :x (C) :q (D) :l

(23) વિમ એડીટરમાં કઈ કી કમાન્ડ મોડ અને ઈન્સર્ટ મોડમાં ટોગલ કરવા વપરાય છે ?

(A) t (B) Enter (C) Esc (D) Ctrl

(24) ફાઈલને અમલ કરવા માટેની મંજૂરી આપવા માટ નીચેનામાંથી કયો કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) grep (B) chmod (C) ls (D) x

(25) નીચેનામાંથી કયું નિર્ણય પ્રક્રિયા માટેનું વિધાન નથી ?

(A) if-then-fi (B) case-esac (C) for (D) આપેલ તમામ

(26) શેલસ્ક્રિપ્ટમાં 'થી વધુ અથવા બરાબર' ની ચકાસણી કરવા કયું રીલેશનલ ઓપરેટર વપરાય છે ?

(A) -gt (B) -ge (C) -ne (D) -eq

(27) ડેટાબેઝના નિયંત્રણ સંબંધિત બધી ક્રિયાઓને શું કહે છે ?

(A) ડેટા ઓપરેશન (B) ડેટા મેન્ટેનન્સ (C) ડેટા મેનેજમેન્ટ (D) ડેટા કન્ટ્રોલ

(28) મલ્ટીમીડિયા શબ્દ કયા શબ્દો પરથી બનાવવામાં આવ્યો છે ?

(A) Mix, Media (B) Mid, Mediate

(C) Multi, Mediator (D) Multiple, Media

(29) સુશોભન વગરના ફોન્ટ નીચેનામાંથી કયાં છે ?

(A) સેરિફ (B) સાન્સ સેરિફ (C) (A) તથા (B) બંને (D) એક પણ નહી

(30) લિનક્સમાં ફાઈલની નકલ કરવા કયો કમાન્ડ વપરાય છે ?

(A) cp (B) mv (C) copy (D) આપેલ તમામ

(31) કોઈ ફાઈલમાંથી માત્ર કુલ લીટીઓની સંખ્યા જાણવી હોય, તો નીચેના પૈકી કયો કમાન્ડ ઉપયોગમાં લઈ શકાય ?

(A) wc-r (B) wc-w (C) wc-c (D) wc-l

(32) વિમ એડીટરમાં કર્સરના વર્તમાન સ્થાન પહેલાં લખાણ ઉમેરવા માટે કઈ કી વપરાય છે ?

(A) a (B) I (C) O (D) q

(33) વિમ એડીટરમાં લાસ્ટ લાઈન મોડ શું છે ?

(A) વિમ-સેશન બંધ કરવા (B) ફાઈલનો સંગ્રહ કરવા (C) (A) તથા (B) બંને (D) એક પણ નહી

(34) નીચેનામાંથી કયો આદેશ ફાઈલનો સંગ્રહ કરી એડીટીંગ મોડમાંથી બહાર નીકળવા વપરાય છે ?

(A) :w (B) :wq (C) :x (D) :q

(35) શેલસ્ક્રિપ્ટમાં આપેલ નામ ધરાવતી ફાઈલ અસ્તિત્વમાં હોય અને તેનું કદ શુન્યથી વધુ હોય તે ચકાસવા માટ નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) test-read filename (B) test-r filename

(C) check-s filename (D) test - s filename

Master Classes Chirag Prajapati 9824404046

(36) Case વિધાનનો અંત દર્શાવતો કી-વર્ડ કયો છે ?

(A) end-case (B) end case (C) esac (D) stop-case

(37) Case વિધાનમાં નિયંત્રણના પ્રવાહને અવરોધવા નીચેનામાંથી કઈ નિશાનીનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) ** (B) ;; (C) ++ (D) > >

(38) સીન્ફિંગમાં નીચેનામાંથી શેના માટે અલગ લેયર હોય છે ?

(A) ઓબ્જેક્ટ (B) અસર (C) તત્વ (D) આપેલ તમામ

(39) ફિલ્ટર, ગ્રેડીયન્ટ, બ્લર, ડિસ્ટોર્સન વગેરે શેના ઉદાહરણ છે ?

(A) એનિમેશન ઈફેક્ટ (B) પેરામીટર (C) ઓબ્જેક્ટ (D) લેયર (સ્તર)

(40) ઉપયોગકર્તાની ફાઈલને. વાચવાની પરવાનગી આપવા નીચેના પૈકી કઈ વાક્ય રચના સાચી છે ?

(A) chmod r filename (B) chmod u + r filename

(C) chmod filename r (D) chmod filename u + r

(41) લિનક્સ ફાઈલની અંદર કોઈ ટેક્સ શોધવા કયો આદેશ વપરાય છે ?

(A) find (B) search (C) grep (D) આપેલ તમામ

(42) સમયાંતરે ચિત્રોમાં પરિવર્તનને શું કહે છે ?

(A) ફ્રેમિંગ (B) સ્પ્રેડશીટ (C) એનિમેશન (D) ઈમેજ

(43) એક છબી બીજી છબીમાં પરિવર્તિત થવાની ક્રિયાને શું કહે છે ?

(A) મોર્ફિંગ (B) ટવીનીંગ (C) કાઈનેમેટીક્સ (D) કી-ફ્રેમ

(44) શરત ખોટી હોય, ત્યાં સુધી વિધાનોનો અમલ કરતું લૂપ કયું છે ?

(A) while (B) until (C) for (D) case

(45) શેલસ્ક્રિપ્ટમાં ફંકશન શું પરત કરે છે ?

(A) ગણતરીનો જવાબ (B) સંખ્યા (C) ફંકશન વેલ્યુ (D) સ્ટેટસ કોડ

(46) શેલસ્ક્રિપ્ટમાં નીચેનામાંથી કયું કેરેકટર કોમેન્ટ લાઈનનો નિર્દેશ કરવા વપરાય છે ?

(A) * (B) % (C) $ (D) #

(47) શેલસ્ક્રિપ્ટમાં કયો આદેશ વપરાશકર્તા પાસથી સ્ટાન્ડર્ડ ઈનપુટ એકમ પરથી ડેટાટાઈપ કરવાની અપેક્ષા રાખે છે ?

(A) input (B) read (C) echo (D) type

(48) લિનક્સ ટર્મિનલનો ઉપયોગ કરતી વખતે સુપર યુજરના ખાતાનો ઉપયોગ કરવા કોઈ પણ કમાન્ડનો અમલ કરવા તે કમાન્ડની અગાળ શું લખવું પડે ?

(A) super (B) sudo (C) admin (D) એક પણ નહી

(49) નીચેના પૈકી કયું દિશા ફેર ચિન્હ નથી ?

(A) > (B) < (C) * (D) > >

(50) નીચેના પૈકી કયા કમાન્ડનો ઉપયોગ એક સમયે માત્ર એક પાનું ભરીને માહિતી જોવા થઈ શકે ?

(A) More (B) more (C) PAGE (D) page

● ● ● ● ●

Master Classes Chirag Prajapati 98241 49446